શ્રી.

ઓધવજીના સંદેશા.

રૂગનાથદાસના બનાવેલા

હરીભાઈ દલપતરામ પટેલ.

તથા

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

ગ્રન્થોદય પ્રેસ અમદાવાદ.

આવ્રતી ૧ લી. પ્રત ૨૦૦૦

સને ૧૯૦૯ સંવત ૧૯૬૫

ઓધવજીનો સંદેશો

ઓધવજી સંદેસો કહેજો શ્યામને,
મ્હારા સમજો મુકી મનનો મેલજો.
કાનુડો કપટીરે આવડો કેમ થયો,
છળ કરીને છેતરીએ નહી છેલજો;
ઓધવજી સંદેસો કહેજો શ્યામને. મ્હારા ૧
આટલા દિવસરે આવું નવ જાણતી,
ઘરથી ન જાણ્યા ધુતારાના ઢંગજો,
પાણીડાં પીનેરે ઘર શું પુછીએ,
બાળપણામાં કીધો એ શું સંગજો,
ઓધવજી સંદેશો કહેજો શ્યામને. મ્હારા ૨
અણ તેડયાં જાતાં નંદને આંગણે,
વણ કરાવ્યાં કરતાં ઘરનાં કામજો.
એવેરે મીશેરે જઇ મળતાં માવને,
પલકે પલકે કરતી હું પ્રમાણજો,
ઓધવજી સંદેશો કહેજો શ્યામને. મ્હારા ૩
ધ્વિટીયા મીસેરે દુરથી આવતી,
વહો કરીને વળતી વારંવારજો,

મોહનના મુખનાંરે લેતી મીઠડાં,
જસોદા મુજને કે અતિ નિર્લજ નારજો
ઓધવજી સંદેશો કહેજો શ્યામને. મ્હારા ૪
માડીથી છાનારે વામે લાવતા.
વાટકડીમાં દોવા ગઉરી ગાયજો,
દુધેને દહીએરે હરીને સીચતા,
હું જાણું જે જીવન મ્હોટા થાયજો,
ઓધવજી સંદેશો કહેજો સ્યામને. મ્હારા ૫
વેરીડા કીધારે વ્રજના લોકને,
વાલા કીધા ગોપી ગિરીધર લાલજો
ફુલડીયાં પખડીયે હું નહી દુભતી,
કેમ વિસારયું વિઠ્ઠલજીએ વહાલજો,
ઓધવજી સંદેશો કેહેજો સ્યામને. મ્હારા ૬
જમાડી જમતાંરે જીવણ પ્રાણને,
પવન કરી પોઢાડતી પલંગજો,
એવાંરે સુખડાં સુપને વહી ગયાં,
વેરી વિધાતાએ અવળા લખિયા આંકજો
ઓધવજી સંદેશો કેહેજો સ્યામને, મ્હારા ૭
આભુષણ ધરતાં હરીને અતિ ઘણાં,
મોર મુગટને કુંડળ ઝળકે કાનજો,

રાજનિ રીતિયે મોહન મહાલતો,
નિત નિત નિરખી જોતી નવલે વાનજો,
ઓધવજી સંદેશો કહેજો સ્યામને. મ્હારા ૮
વાસિદુ વાળતાં ધરતી માતનું,
રખે રજ ઉડે રસીયાને અંગજો;
આંખલડી આગળથી હાર નવ મુકતી,
શા માટે હરિ તજયો અમારો સંગજો,
ઓધવજી સંદેશો કહેજો સ્યામને. મ્હારા ૯
દુખડાંની વાતોરે કયાં જઇ દાખવું,
કહિએ છીએ પણ કહ્યું ન માને કોયજો;
કુવાની છાયા તે કુવામાં સમાય છે,
તસ્કરની મા કોઠીમાં પેશી રોયજો,
ઓધવજી સંદેશો કેહેજો સ્યામને. મ્હારા ૧૦
એ મારા અવગુણરે હરિના ગુણ ઘણા,
જોઇ નવ કરીએ વડા સંગાથે વેરજો.
રઘુનાથના સ્વામિને કેહેજો એટલું,
મળવા આવો મનમાં રાખી મેહેરજો,
ઓધવજી સંદેશો કેહેજો સ્યામને. મ્હારા ૧૧

ગરબી ૨ જી.

ઓધવજી માધવરે મેહેલી કેમ ગયા,
કોહોને વીરા શો છે અમારો વાંકજો;
નમેરા થયારે નંદના લાલજી,
રણ વગડામાં રોતાં મેલ્યાં રાંકજો,
ઓધવજી માધવરે મેહેલી કેમ ગયા. કોહોને ૧
ધીરજની વાતોરે ધરથી સાંભળો,
પેહેલી પ્રીતે હર્યા અમારા પ્રાણજો;
કાળજડાં છેદયાંરે ભીતર ભેદીયાં,
મરમ કરીને માર્યાં મોહનાં બાણજો;
ઓધવજી માધવરે મેહેલી કેમ ગયા. કોહોને ૨
ખાધાં ને પીધાંરે ખરચ્યાં વાવર્યાં;
અને અમરે અણવેચ્યા મીરાતજો,
લજ્જા તો લોપીરે દુનિયાના લોકની;
મોહન માટે તજ્યા કુટુંબને જાતજો,
ઓધવજી માધવરે મેહેલી કેમ ગયા. કોહોને ૩
વલોણું વલોવતી હું તો ત્યાં જઇ,
કેહેતી હું તો જાગો જસોદા માતજો;
મહીડાને માસે મળતી મહારાજને,
તેને ગસે કરતી વળી હું વાતજો;

ઓધવજી માધવરે મહેલી કેમ ગયા. કોહોને ૪
પ્રભાતે પાણીતે જમુનાં હું જતી,
સેરડીયોમાં સામા મળતા સ્યામજો;
અલબેલો કરતોરે અમશુ અતિ ઘણાં,
જુઠા ઝગડા જોતું બધુ ગામજો;
ઓધવજી માધવરે મેહેલી કેમ ગયા. કોહોને ૫
ઉઘાડો રમતોરે માહારા આંગણે,
છોકરડામાં માંગી પીતો છાશજો;
માંખણને મસેરે મચકે નાચતો,
અલબેલાની મોહોટી અમને આશજો;
ઓધવજી માધવરે મેહેલી કેમ ગયા. કોહોને ૬
મેળાવો કરતો ઝાઝાં માંકડાં,
સુનાં ઘરમાં જઈને કરતો સાનજો;
બાળકડાં બીજાએ અવસરે આવતાં,
દહી ગોરસડાં પીતો સઉ કાનજો;
ઓધવજી માધવરે મેહેલી કેમ ગયા. કોહોને ૭
મોભારે ચડયોરે માખણ ચોરતો,
રાડ લઈને કરતા રમતની રેલજો;
લાખેણી લીલારે એવી લાલની,
ખાંતે કરીને ખેલે નવલા ખેલજો,

ઓધવજી માધવરે મેહેલી કેમ ગયા. કોહોને ૮
વિસ્તારી વાતોરે કીજે કેટલી,
સાંભળતામાં થાય ઘણો સંતાપજો;
રઘુનાથના સ્વામીને સરવે સાંભરે,
તમે તમારૂં જુવો વિચારી આપજો;
ઓધવજી માધવરે મેહેલી કેમ ગયા. કોહોને ૯

ગરબી ૩ જી.

ઓધવજી અબળા તે સાધન શું કરે,
વાલા વિના વ્રેહેની પ્રગટી આગજો;
સંદેસો લાવ્યારે ભુંડા જોગનો,
નથી ખમાતા દાઝયા ઉપર ડામજો;
ઓધવજી અબળા તે સાધન શું કરે. વાલા ૧
જો ગાંડાં થઇએ તો જગમાં લાજીએ,
ભોગીડા કેમ ધરીએ ભગવો ભેખજો;
વિશ્વાસે વસુછુ વાલમ આવશે,
અંગ માંહીથી ઉપની રંગ રેલજો;
ઓધવજી અબળા તે સાધન શું કરે. વાલા ૨
જંગમનિ જુગતી તો સરવે જાણીએ,
સમીપ રહે પણ શરીરનો નહી સંગજો;

એકાંતે વસવુંરે એકજ આ મને,
ભખ પડેતો ભંજનમાં ભંગજો;
ઓધવજી અબળા તે સાધન શું કરે, વાલા ૩
ફકીરી સાધ્યાનું તો ફળ પામીએ,
રમત તજીને દીલ ડરીએ દરવેશજો;
દેવને દેખેરે દીલ દેદારમાં,
પોકારીએ શું પ્રભુ નથી પરદેશજો;
ઓધવજી અબળા તે સાધન શું કરે. વાલા ૪
સન્યાસી થઇએ તો સુખ દુખ સાંભરે;
વસ્ત્ર તજીને વનમાં કરીએ વાસજો,
પુરણ પ્રીત વિનાનો પ્રભુજી નહિ મળે,
દેહ દમનમાં દુખડાં બારે માસજો;
ઓધવજી અબળા તે સાધન શું કરે,
જૈની તો જાણેરે જ્યાં ત્યાં જીવને;
જતી ખરા જે જાણે જીવનિ જાતજો,
અલએલો મટિને નહીં થાઉં આરજા;
ભલું નહી કાંઇ દેખીને વળી ભાતજો,
ઓધવજી અબળા તે સાધન શું કરે. વાલા ૬
બ્રાહ્મણ તો જાણેરે સાચો બ્રહ્મને,
વિપ્ર વિવેક વેદ તણો લે સારજો,

રૂષી પત્નિ રીજેરે હરી રંગમાં;
પ્રેમ કરીને પુજ્યા નંદ કુંવરજો,
ઓધવજી અબળા તે સાધન શુ કરે. વાલા ૭
ખટ દરશન વાળાને તો દુઃખડાં ખરાં,
બાંધ્યું મારૂં મોહન સાથે મનજો;
જ્ઞાન ગુઢારથ તો મનમાં ગમતું નથી,
સુંદર વરને સોંપ્યાં તન મન ધનજો;
ઓધવજી અબળા તે સાધન શું કરે. વાલા ૮
આ સારૂ જોણે તો શે નથી રાખતા,
જપ તપ સાધન જગત માંહિનું કામજો;
વહોરતિઆ વીનાતો વસ્તુ નહી મળે,
મધુકર એનો તો ન્યારો છે ઠામજો;
ઓધવજી અબળા તે સાધન શું કરે. વાલા ૯
હરી પાસે હતું તે અમને આપિયું,
અમ પાસથી ભરી પ્રેમની પોઠજો;
રઘુનાથના સ્વામીને કહેજ્યો એટલું,
હેત હતું તે આવ્યું રદયાનુ હોઠજો;
ઓધવજી અબળા તે સાધન શું કરે. વાલા ૧૦

ગરબી ૪ થી.

ઓધવજી અમ સાથે રસિયો રૂષણે,

રીસાયા કેમ કહોને દિલની વાતજો;
આંટીને ધુટી તો અમે નવે જાણીએ,
મોહનજીના મનમાં મોહોટી ઘાતજો;
ઓધવજી અમ સાથે રસિયો રૂષણે. રીસાયા ૧
લક્ષણ સૌ જાણ્યાંરે લોભી લાલનાં,
ગુણવંત છે પણ ગાયોનો ગોવાળજો;
આહીરડો શું જાણેરે રસની રીતડી,
કાનુડો કાંઇ કુડાં ચઢાવે આળજો;
ઓધવજી અમ સાથે રસિયો રૂષણે. રીસાયા ૨
જીવન સંગે રમવા જોબન જાળવ્યાં,
બાળપણામાં ખાંતે કરતાં ખેલજો;
મનડાની વાતોરે સહુ મનમાં રહી,
મેલી ગયા કાંઇ દુઃખડાં કેરી હેલજો;
ઓધવજી અમ સાથે રસિયો રૂષણે. રીસાયા ૩
વચને અમને વાહ્યાંરે એ વીઠલે,
વાટે જાતાં જુઠો દીધો કોલજો;
છોકરડે સરખેરે અમને છેતરયાં,
તજી ગયા એ તસ્કરમાં શો તોલજો;
ઓધવજી અમ સાથે રસિયો રૂષણે. રીસાયા ૪
મહીયરિયે જાઉં તો મુજને ખીજવે,

સાસરિયામાં સાસુનો સંતાપજો;
ન્હાની ને નણદલરે બાળે બોલડે,
પુરણ લાગ્યાં પાડોશણનાં પાપજો;
ઓધવજી અમ સાથે રસિયો રૂષણે. રીસાયા ૫
દુઃખડાંની વેળાજો સુખડાં સાંભરે,
અંત સમે તો કોઇ ન આવે કામજો;
સગપણ તો સોનુરે પીતળ પ્રીતડી,
વ્હાલપણામાં વેહેર કરી ગયા શામજો;
ઓધવજી અમ સાથે રસિયો રૂષણે. રીસાયા ૬
દયા ન આવીરે દિલથી ઉતરયાં,
દાશીનો તો દોષ ન જાણ્યો કાંયજો;
પરમેશ્વર જાણીને પ્રિતે પુજતાં,
હરીજીને અમે હાથે કરતાં છાંયજો;
ઓધવજી અમ સાથે રસિયો રૂષણે. રીસાયા ૭
ભણકારા વાગે છે ભોજન પીરસતાં,
જમણ કરી જોઇએ હરીની વાટજો,
સાસુજી પુછેરે વહુઅર સાંભળો;
આણંદ કરતાં આવડાં સો ઉચ્યાટજો,
ઓધવજી અમ સાથે રસીયો રૂષણે. રીસાયા ૮
અવગુણને ગુણ સારે આમળા રાંકનો,

વાંક ઘણા પણ વિનતા સંગ શું વેરજો;
રઘુનાથના સ્વામીને કેહે જોએટલું,
ધણી થઇ હવે પ્રભુ પધારો ઘેરજો;
ઓધવજી અમ સાથે રસિયો રૂષણે રીસાયા ૯

ગરબી ૫ મી.

ઓધવજી અલબેલો કયારે આવશે,
સાચુ કોહો તમે સાધુ જનજો;
માતાપીતા મળવાને મોકલ્યા હસે,
આહિરડામાં કોણ છે બીજુ જનજો;
ઓધવજી અલબેલો કયારે આવશે. સાચું ૧
ખટાશનાં વચનતો કાંઇ ખટકે નહિં,
ઓધવજીને સંભળાવ્યાં છે સુખજો;
એનિને કાજેરે અમે સહુ મેહેલીયાં,
અંતે અમને દઇ ગયા છે દુઃખજો;
ઓવજી અલબેલો કયારે આવશે. સાચુ ૨
સગાનુ સગપણ તો સાચુ એમ છે,
પ્રીતલડી તો પીતળ થઇને જાય જો;
પુરૂષને પ્રેમદાનિ સાથે પ્રીત છે,
કમળને જેમ ભમરને કેહેવાય જો;
ઓધવજી અલબેલો કયારે આવશે. સાચું ૩

ચરિત્ર સંભારે સરવે લોપીઓ
ફરે ત્રણુ આંખે આંસુ ધારજો;
કામને કાજરે સરવે લોપીયાં,
પાતળીયાં શું દિઠો પ્રેમે પારજો;
ઓધવજી અલબેલો કયારે આવશે. સાચું ૪
કદિ એકે સંભાળે ગૌ ગોવાળને,
કદિ સંભારે માત પીતાને ઘરજો;
કદિ એતે સંભારે સરવે સાંભળો,
વાશે વાતમાં પડશે અંતરજો;
ઓધવજી અલબેલો કયારે આવશે. સાચુ ૫
કદિ એકે કૃષ્ણજી ઇહાં આવશે,
આવિ અમારાં ફેરવશે વદનજો;
સદા સનેહી મળીશુ ભેટી ભુજ હરી તણા,
આવિ અમારાં ટાહાડાં કરસે તનજો;
ઓધવજી અલબેલો કયારે આવશે. સાચું ૬
શ્રી હરીએ કહાવ્યું છે સંદેશો સાંભળો,
હરિ કહે હું નથી તમોથી દુરજો;
પંચી કણુ પાચેરે જેમ વ્યાપી રહયા,
એમ સઘળે રહયો છે ભરપુરજો;
ઓધવજી અલબેલો કયારે આવશે. સાચું ૭

જોગ સાધન જો ધરસો તો સુખ પામસો,
દેહલડીમાં થાય તમને દરશન જો;
રઘુનાથના સ્વામીનાં વાયક સાંભળાં,
કાંઇ ન ઠરે ગોપીજનનાં મનજો. ઓધ. સાચુ ૯

ગરબી ૬ ઠી.

ઓધવજી આવ્યારે વેગે વ્રજમાં,
મથુરાંથી હરી મોકલ્યા છે એમજો;
વ્હાલાને વ્હાલીરે વૃજ આહેરડી,
ગોપીજનના જોવા કારણ પ્રેમજો.
ઓધવજી આવ્યારે વેગે વ્રીજમાં. મથુરા ૧
ગોકુળીઆની સભા સુંદર શી કહું,
નીશાએ આવ્યા નંદ તણે ભોવનજો;
પુરૂષોતણ જાણીને મળીઆ પરેમશું,
પ્રીત કરીને કરાવ્યાં ભોજનજો;
ઓધવજી આવ્યારે વેગે વ્રીજમાં. મથુરા ૨
કુશળતા પુછેરે વાસુદેવજી,
કુવરનાં સંભારી સઘળાં કામજો;
જસોદાજી રૂવેરે સુખડાં સાંભરે,
માધવે જાદવમાં કીધારે ધામજો;
ઓધવજી આવ્યારે વેગે વ્રીજમાં. મથુરા ૩

વાંસળીઓ વલોણાં વાગે અતિ ઘણાં,
ઘેર ઘેર ગાએ ગોકુળીઆનાં ગીતજો;
આ મંગળ ટળ્યારે દેહ દશા તણા,
ત્રણ લોકમાં કરે છે પુન્ય નીત્યજો;
ઓધવજી આવ્યારે વેગે વ્રીજમાં. મથુરા ૪
આંગણીએ આવિરે સરવે ગોપીયો,
રથ છુટયા છે નંદ તણે દરબારજો;
અધરમી આરૂડરે શીદ આવ્યો હશે
તે ઘોડાને તેના તે અસવારજો,
ઓધવજી આવ્યારે વેગે વ્રીજમાં. મથુરા ૫
આપણા સ્વામીને તેડી એ ગયો,
ત્યાં જઇ એણે મરાવ્યો કંસજો,
પ્રાણ લઇને પાછો શીદ આવ્યો હસે;
માસીએ એ લેવા આવ્યો મૈસજો.
ઓધવજી આવ્યારે વેગે વ્રીજમાં મથુરા ૬
જમનામાં નાએ એટલે આવીયા,
જુવંતીએ જાણ્યા શ્રી ભગવાનજો,
રઘુનાથના સ્વામીએ સેવક ઓળખ્યો;
અરસપરસ ત્યાં દીધાં ઘણાં માનજો,
ઓધવજી આવ્યારે વેગે વ્રીજમાં. મથુરા ૭

જાહેર ખબર.

કાચબા કાચબીનું ભજન	૦—૦—૩
સીતાજીના મહીના	૦—૦—૩
અથ કેલઇઓ	૦—૧—૩
શીવપુરાણ બ્રહ્મોતરખંડ	૧—૦—૦
ગીરધરકૃત રામાયણ	૦—૮—૦
કાવ્યદોહન	૦—૬—૦
ટાઢા પહોરના તડાકા	૦—૨—૦
નળાખ્યાન	૦—૪—૦
શનીશ્ચરની કથા	૦—૧—૦
સોળંકીના ગરબા	૦—૦—૬
વાલાજીના મહીના	૦—૦—૬
ધોળપદ સંગ્રહ.	૦—૪—૦
સુડા બહોતેરી.	૦—૮—૦
નાગદમણુ	૦—૦—૬
સતભામાનું રૂશણું.	૦—૦—૬
રૂક્ષ્મણી વીવાહ.	૦—૦—૬
નરસીંહ મહેતાની હુંડી	૦—૦—૬
કુહાના કુંભારની વારતા.	૦—૦—૬

ગરૂડ પુરાણ.	૦-૧૨-૦
ભક્તરાટની કથા	૦-૨-૦
જનમા અસ્ટમીની કથા	૦-૨-૦
પુરૂષોત્તમ માસની કથા સટીક	૧-૦-૦
પાંડવા અસ્વમેધ	૦-૪-૦
રૂશીપંચમીની કથા.	૦-૨-૦
વીશ્નું સહસ્ત્ર નામ.	૦-૨-૦
શીવરાત્રી માહતમસટીક	૦-૩-૦
સત્યનારણ ગુજરાતી	૦-૨-૦
સનીશરની કથા ગુજરાતી	૦-૦-૬
અરજુન ગીતા તથા ધરમગીતા અને વડો કકો	૦-૦-૬
આરતી સંગરહ	૦-૧-૦

આ શીવાય અમારી દુકાને બીજા ઘણી જાતનાં અહીંનાં છાપેલાં તથા મુંબાઇનાં છાપેલાં સંસ્કૃત, હીંદુસ્તાની, ગુજરાતી, મરાઠી, અંગ્રેજી ડીક્ષનેરીઓ, વૈશ્નવ ધર્મના પુસ્તકો. વાર્તાઓ, સ્તોત્રો, વૈદ્યકના ગ્રંથો, નાટકો કીસ્સાઓ, વીગેરે ઘણી જાતનાં પુસ્તકો સરસ છાપ અને સસ્તી કીંમતે મળશે. સામટી મંગાવનારા ઓને સારૂ કમીશન આપવામાં આવશે. પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો નોટપેટ પત્ર લેવામાં આવશે નહીં.

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.
ઠે. અમદાવાદ ત્રણ દરવાજા.